# જિલ્લામાં વ્યાજખોરોનો આતંક પરાકાષ્ઠાએ

## કલોલમાં યુવાને આપઘાત કરી લીધો : દહેગામના યુવાને ચાર પાસે ૧ લાખ રૂપિયા વ્યાજે લીધા અને ૫૦ લાખ વ્યાજ પેટે ચુકવ્યા બાદ પણ હજુ ૫૦ લાખની માંગણી વ્યાજખોરો કરી રહ્યા છે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં ખાનગી પેઢીઓનો રાફડો ફાટી નીકળ્યો છે અને પરમીશન કે લાયસન્સ વગર રૂપિયા વ્યાજે ધીરાણ કરી અકલ્પનીય વ્યાજ ઉઘરાવી રહ્યા છે. વ્યાજખોરોના ત્રાસથી ગઈકાલે કલોલના એક યુવાને આપઘાત કરી લીધાની ઘટના બનવા પામી હતી ત્યારે આજે વધુ એક વ્યાજખોરોના ત્રાસ સંદર્ભની પોલીસ ફરીયાદ થયાની વિગત બહાર આવી છે. ચાર વ્યક્તિ પાસે ૧-૧ લાખ રૂપિયા વ્યાજે લીધા બાદ રૂ. ૫૦ લાખ વ્યાજપેટે ચુકવી દીધા હોવા છતાં હજુ રૂ. ૫૦ લાખ વ્યાજખોરો બાકી નીકાળે છે અને છોકરાને ઉઠાવી જવાની ધમકીઓ આપવા લાગ્યા છે. દહેગામ પોલીસમથકે આ સંદર્ભે મની લોન્ડરીંગની ફરીયાદ નોંધાવા પામી છે.

કલોલના એક યુવાને પી.આઈ.ને ફોન કરીને રાત્રે કેનાલમાં કુદીને વ્યાજખોરોના ત્રાસથી આપઘાત કરી લીધો હોવાની ઘટના ગઈકાલે બનવા પામી હતી. દરમ્યાન આજે દહેગામના ખારા કુવાના ખાંચા વિસ્તારમાં રહેતા મહેશભાઈ પટેલે દહેગામ પોલીસમથકમાં વધુ ૪ વ્યાજખોરો વિરૂદ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી છે. જેમાં થયેલા ઉલ્લેખ મુજબ મહેશભાઈએ ૨૩ જુન-૨૦૧૧ના રોજ રબારી સોમા માલજીભાઈ, રબારી ભરત ભલાભાઈ, રબારી મુન્ના વેરસીભાઈ અને રબારી કનુ રઘાભાઈ ચારેય પાસેથી મકાન લેવા માટે રૂ. ૧-૧ લાખ વ્યાજે લીધા હતા.

૧૦ટકા લેખે ૧૦ દિવસનું ૪૦ હજાર વ્યાજ મહેશભાઈ ચુકવતા હતા. એટલે કે એક મહિનાનું રૂ. ૧,૨૦ લાખ રૂપિયા વ્યાજ ચુકવતા હતા. અત્યાર સુધીમાં તેમણે રૂ. ૫૦ લાખ ચારેયને વ્યાજપેટે ચુકવી દીધા છે. તેમ છતાં હજુ રૂ. ૫૦ લાખનો હિસાબ બાકી નીકળે છે. ભરત રબારીએ અગાઉ તેનું બાઈક લઈ લીધુ હતુ પરંતુ ફરીયાદ કરવાનું ટાળ્યું હતું. ફોન પર પૈસા આપી જવાની વારંવાર ધમકી આપતા હતા. તેથી મહેશભાઈ ગાયબ થઈ ગયા હતા. ચારેય જણાએ તેમના ઘરે પરિવારજનોને ધમકીઓ આપવાનું શરૂ કરી દીધુ અને દિકરાને ઉઠાવી જવાની ધમકી આપતા મહેશભાઈએ અંતે કંટાળીને દહેગામ પોલીસ સ્ટેશને ચારેય વિરૂદ્ધ મની લોન્ડરીંગની ફરીયાદ આપી છે.

ઉલ્લેખનીય છે કે એક-એક લાખના બદલામાં ૫૦ લાખ વ્યાજ પેટે મેળવી ચુકનાર શખ્સો પૈકી સોમા રબારી ૨૫ લાખ, ભરત રબારી ૫ લાખ, મુન્ના રબારી ૧૨ લાખ અને કનુ રબારી ૭ લાખ રૂપિયા હજુ પણ બાકી હોવાનો હિસાબ કાઢી રહ્યા હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ છે.

# રેન્જ આઈ.જી.ની બદલી થતાં બુટલેગરોએ જશ્ન મનાવ્યો

## શમસેરસિંઘે રેન્જના ગાંધીનગર, સાબરકાંઠા અને મહેસાણા ત્રણેય જિલ્લામાં તમામ દેશી-વિદેશી દારૂના અડ્ડાઓ સદંતર બંધ કરાવી દીધા હતા

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં દેશી-વિદેશી દારૂના અડ્ડાઓ ધમધમતા જોવા મળે છે અને દારૂ જોઈએ તેવો તથા જોઈએ ત્યારે વેચાણ મળી રહે છે તે બાબત પણ જગજાહેર છે. જો કે ગાંધીનગર રેન્જમાં આઈ.જી. પદે આવેલા અધિકારી શમશેરસિંઘે દારૂબંધીની કડક અમલવારી કરાવીને ઠેક ઠેકાણે ચાલતા દારૂના અડ્ડાઓ બંધ કરાવી દીધા હતા. અડ્ડાઓ બંધ થઈ જતાં બેહાલ બનેલા ત્રણે જિલ્લાના બુટલેગરો રેન્જ આઈ.જી.ની બદલી થતાં ગેલમાં આવી ગયેલા જોવા મળ્યા છે અને મોટા ભાગના બુટલેગરોએ પાર્ટીઓ યોજીને જશ્ન પણ મનાવ્યો હોવાનું સુત્રો તરફથી જાણવા મળ્યું છે.

સાબરકાંઠા જિલ્લો દેશી-વિદેશી દારૂનું મુખ્ય એ.પી. સેન્ટર રહ્યો છે. સાબરકાંઠાની સરહદે આવેલા રાજસ્થાન અનો હરિયાણાથી રોજનો કરોડો રૂપિયાનો વિદેશી દારૂ સાબરકાંઠા જિલ્લાના જુદા જુદા માર્ગો પર થઈને ગુજરાતભરના જુદા જુદા જિલ્લામથકો ઉપર ઠલવાતો હોવાનું જગ જાહેર હોવા છતાં આ બદી બેફામ ફુલી-ફાલી હતી. પરંતુ ગાંધીનગર રેન્જના આઈ.જી. તરીકે શમસેરસિંગની નિમણુંક થયાના દિવસથી જ દારૂબંધીની કડક અમલવારીની સુચનાઓ અપાતા રાજસ્થાનથી ગજુરાત આવતા દારૂ પર ખુબ જ અંકુશ આવી ગયો હતો. રેન્જના ગાંધીનગર, મહેસાણા ઉપરાંત સાબરકાંઠા જિલ્લાના મોટા ભાગના દારૂના અડ્ડાઓ બંધ કરાવી દેવામાં આવતા બુટલેગરો નવરા થઈ ગયા હતા. રેન્જ આઈ.જી.ની બદલી થતાં ભુગર્ભમાં ચાલ્યા ગયેલા બુટલેગરો ગેલમાં આવી ગયા છે અને ફરી પાછો દારૂનો કાળો કારોબાર શરૂ કરવા માટેના ચક્રો ગતિમાન કરી દીધા છે. હિંમતનગર, મોડાસા, પ્રાંતિજ, ઈડર સહિતના સાબરકાંઠા જિલ્લાના વિસ્તારોમાં તો બુટલેગરોએ ખાનગી સ્થળોએ જઈને પાર્ટીઓનું આયોજન કરીને જશ્ન મનાવ્યો હોવાની વિગતો પણ મળી આવી છે.

(તસવીર : દિપક જાની)




સેક્ટર-૨૧ સચિવાલય જીમખાનાનો નવનિર્મિત ગેટ પાસે વરસાદથી કાદવ-કીચડ થતાં ખેલાડીઓ ભારે હાલાકી ભોગવે છે. આકર્ષક પ્રવેશ દ્વારના નિર્માણથી ખુશખુશાલ ખેલાડીઓ કાદવ-કીચડથી ભારે પરેશાન છે.

# ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા તાલીમાર્થી બહેનોને કીટ વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ સેક્ટર-૧૨ દ્વારા રાજયમાં ગ્રામ્યકક્ષાએ રોજગારી ઉપલબ્ધ થાય તે માટે યોજનાના રૂપમાં તાલીમાર્થી બહેનોને કીટ વિતરણનો કાર્યક્રમ આજરોજ યોજવામાં આવ્યો હતો. જેનો ઉમદા આશય યોજના કાર્યાન્વિત કરી રોજગારી ઉપલબ્ધ કરવાનું છે.

ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ દ્વારા ૧૯૮૨માં ગાંધીનગર ખાતે ખાદી અને ગ્રામોદ્યોગના વિવિધ તાલીમ આપવા માટે રાજય કક્ષાનું તાલીમ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ હતુ. જેમાં હાલ આ તાલીમ કેન્દ્રમાં પાપડ, વેફર, ફરસાણ અને બ્યુટી પાર્લરના તાલીમ વર્ગ ચલાવવામાં આવે છે. જેમાં છેલ્લા બે વર્ષમાં કુલ ૯૨૩ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. આ તાલીમ વર્ગમાં તાલીમ પામેલ ૩૯૨ બી.પી.એલ. તાલીમાર્થીઓને તાલીમ બાદ ઉદ્યોગને આનુસંગિક સાધનોની કીટ આપવામાં આવેલ છે. તેજ પ્રમાણે આજે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેન વાડીભાઈ પટેલ દ્વારા કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પાપડ, વેફર, ફરસાણમાં ૨૩ અને બ્યુટીપાર્લરમાં ૨૯ બહેનોને કીટ આપવામાં આવી હતી. આ પ્રસંગે ગીતાબેન પટેલ તાલીમાર્થી સુપરવાઈઝર, દિપકભાઈ પટેલ વિકાસ અધિકારી તેમજ દિપકભાઈ ગજ્જર તાલીમાર્થી સુપરવાઈઝર તરીકે ફરજ બજાવી કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આવેલ બહેનોને પાપડ, વેફર, ફરસાણની તાલીમ કુજલતાબેન ડી. ત્રિવેદી દ્વારા અને બ્યુટીપાર્લરની તાલીમ આશાબેન એસ. પરમાર દ્વારા આપવામાં આવી હતી.



# પાટનગરમાં ચેઈન સ્નેચર્સ બેફામ : વધુ એક બનાવ બન્યો

## સે. ૧૩ના આંતરીક માર્ગ પર પલ્સર લઈને નીકળેલા ચેઈન સ્નેચર્સે મહિલાના ગળામાંથી ૩૦ હજારનો દોરો ખેંચ્યો

ગાંધીનગર, તા. ૩૧

પાટનગરમાં ચેઈન સ્નેચર્સ થોડા સમય માટે ભુગર્ભમાં ઉતરી ગયા બાદ પુનઃ સક્રીય થઈ ગયા છે અને હવે ધીમે ધીમે બેફામ બની ગયા છે. પલ્સર બાઈક પર આવીને કોઈ એકલ દોકલ જતી મહિલાને સેક્ટરના આંતરીક માર્ગ પર નિશાન બનાવી ચેઈન સ્નેચીંગ કરી જવાનો સિલસિલો યથાવત રહ્યો છે. પોલીસના તમામ એક્શન પ્લાનની ઐસી કી તૈસી કરીને ચેઈન સ્નેચર્સે વધુ એક મહિલાના ગળામાંથી સે. ૧૩ના આંતરીક માર્ગ પર રૂ. ૩૦ હજારની કિંમતની ચેઈન આંચકી લીધી હતી અને રફુચક્કર થઈ ગયા હતા. સે. ૭ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

'સિર્ફ એક સ્ટેટ બાકી રહ્યા થા... યે ભી અબ ક્રાઈમમાં બઢને લગા હૈ...' આ શબ્દો છે ચેઈન સ્નેચિંગમાં ભોગ બનેલા મહિલાના દિકરાનાં...! સે. ૧૩ના પ્લોટ નં. ૭૨૧/૨માં રહેતા પુષ્પાબેન વિજયકુમારસિંગ રાજપુત ગઈ સમી સાંજે સે.૧૩ના આંતરીક માર્ગોથી ચાલતા જઈ રહ્યા હતા તે દરમ્યાન પલ્સર બાઈક પર બે શખ્સો આવ્યા અને ગળે પંજો મારીને ગળામાં પહેરેલો ૧૫ ગ્રામ વજનનો ૩૦ હજારની કિંમતનો સોનાનો દોરો આંચકીને ધૂમ સ્પીડે રફુચક્કર થઈ ગયા હતા. આ ઘટનાબાદ દિકરાને નોકરીએથી બોલાવી લઈ પુષ્પાબેન ફરીયાદ લખાવવા સે. ૭ પોલીસ સ્ટેશને પહોંચ્યા હતા. સે. ૭ પોલીસે આ સંદર્ભે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# શ્રી ગજાનન સમિતિ દ્વારા ભિલોડાના ૧૩૩ પરિવારોને ચોખાનું વિતરણ કર્યું



ગાંધીનગર, તા.૩૧

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના ૧૩૩ પરિવારોને ચોખા તેમજ અનેકવિધ જરુરી ચીજવસ્તુઓ પણ આપવામાં આવી હતી.

ગાંધીનગરની સેવાકીય પ્રવૃત્તિ કરતી શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ગતરોજ ભિલોડા તાલુકાના વિવિધ ગામોના વૃધ્ધ તેમજ નિરાધાર લોકોને ૩ કિલો ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આંગણવાડીના કાર્યકર બહેનો દ્વારા ૧૮ ગામોમાં ૧૯૦ કાર્ડનું વિતરણ સવારે ૧૦ થી ૧૧ દરમિયાન બે સ્થળે કરવામાં આવ્યું હતું. ઉપરાંત વાગોદર, સુનોક, ખારી તથા જાલિયા પ્રાથમિક શાળાના ૨૦૦ વિદ્યાર્થીઓને સાબુ તેમજ સાબુદાની અને નાપડા તથા મેરાવડા આંગણવાડીમાં ૪૦ જોડ નવા કપડાં સહિત વસઈ અને ભેટાલીમાં ૪૭ છોડનું વૃક્ષારોપણ કર્યુ હતું.

આ સમગ્ર કાર્યક્રમને જનાર્દન ઠક્કર, ચેતન, દિનેશ પરમાર, તથા મિલિંદ ગુપ્તેએ સફળ બનાવ્યો હતો. ભિલોડાના આરોગ્ય સુપરવાઈઝર ભીમજી ગામેતી અને ખારી શાળાના આચાર્યનો આ સેવાકાર્યમાં સહયોગ મળ્યો હતો.

# પ્રેમલગ્ન બાદ પરિણીતાને ત્રાસ આપવા લાગતા સાસરીયાઓ સામે ફરીયાદ

## પતિ અને સાસુ-સસરા તથા જેઠ-જેઠાણી મળીને સાત વિરૂદ્ધ ગુનો દાખલ

ગાંધીનગર શહેરના સેક્ટર-૧૪ મકાન નં. ૯૦/૧માં રહેતા બકુલભાઈ મકવાણાએ શ્રેયાબેન સાથે ૧૨-૧૨-૨૦૧૨ના રોજ પ્રેમ લગ્ન કર્યા હતા. ત્યાર બાદ ઘરકામ બાબતે અને પ્રેમલગ્ન બાબતે મ્હેણા ટોણા મારીને સાસરીયાઓ દ્વારા શારીરિક માનસિક ત્રાસ આપવાનું શરૂ કરી દેતા અમદાવાદ ગોમતીપુર પોલીસે શુન્ય નંબરથી સે. ૭ પોલીસને શ્રેયાબેનની ફરીયાદ મોકલી આપી છે. પતિ બકુલ ઉપરાંત સસરા વાલજીભાઈ, સાસુ લક્ષ્મીબેન, જેઠ મુકેશભાઈ તથા સુનીલભાઈ અને જેઠાણી અમીબેન અને દક્ષાબેન મળીને સાત સાસરીયાઓ વિરૂદ્ધ ગુનો નોંધી સે. ૭ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચાના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૩૧

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગરના અધ્યક્ષ નીતિનભાઈ પટેલ દ્વારા ગાંધીનગર મહાનગર યુવા મોરચાની તાજેતરમાં વરણી કરવામાં આવી હતી.

જેમાં યુવા મોરચો મહાનગરના પ્રમુખ તરીકે પદમસિંહ ચૌહાણ, મહામંત્રી તરીકે ધવલ દવે અને પ્રણવ પટેલ તેમજ ઉપાધ્યક્ષ તરીકે સત્યદિપસિંહ પરમાર, મયુરભાઈ પટેલ, પંકજભાઈ ચૌહાણ, કૃણાલ પ્રજાપતિ, મંત્રી તરીકે કૈલાસબેન લખવારા, જીતેન્દ્રસિંહ ઝાલા, જૈમીનભાઈ સુરાણી, સ્મીતભાઈ ઠક્કર, મેહુલભાઈ ઠાકોર, કોષાધ્યક્ષ તરીકે ગીરીશભાઈ પટેલ અને કાર્યાલય મંત્રી તરીકે આશીષભાઈ જોષીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# આજે શંકરસિંહબાપુ કોલેજમાં રકતદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

જાયન્ટસ ગૃપ ઓફ ગાંધીનગર દ્વારા શંકરસિંહ બાપુ કોલેજ, વાસન ખાતે તા.૧લી ઓગષ્ટ ૨૦૧૩ને ગુરવારના રોજ સવારે ૯.૩૦ થી ૫ કલાક દરમિયાન રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

કેન્સર હોસ્પિટલ અમદાવાદમાં દાખલ થયેલા થેલેસેમીયાના બાળ દર્દીઓને તેમજ હોસ્પિટલમાં દાખલ થયેલ અન્ય દર્દીઓને મદદરૂપ થવાય તેવા ઉમદા હેતુથી આ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. 'આવો આપણે પણ નિયમિત રકતદાન કરીએ અને અમૂલ્ય માનવ જીંદગીઓ બચાવવામાં સહભાગી બનીએ.' તેવા પેમ્ફલેટનું વિતરણ કરી વિદ્યાર્થીઓને રકતદાન અંગે માહિતગાર કરવામાં આવશે. આ કેમ્પમાં ૨૦૦થી પણ વધુ બોટલ રકત એકત્ર કરવામાં આવનાર છે. તેમજ તબીબી સેવામાં અમદાવાદ કેન્સર હોસ્પિટલના અનુભવી ડોકટર તથા અન્ય કર્મચારીગણ હાજર રહેશે. કેમ્પને સફળ બનાવવા ડોકટર વિક્રમભાઈ પટેલ, પ્રોફેસર ભાવેશ જયસ્વાલ અને જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગરના પ્રમુખ બાબુભાઈ પટેલે સુંદર આયોજન કર્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૬
સૂર્યાસ્ત : ૭.૧૪

## તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૯૨ ટકા
વરસાદ ૨.૫ મીમી

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ વોલ્વેરીન (હિન્દી) : ૯.૦૦, ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
નશા : ૧૧.૪૫

: સ્ક્રીન-૨ :
ઈશ્ક : ૯.૧૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
ડી-ડેય : ૭.૦૦

: સ્ક્રીન-૩ :
ભાગ મિલ્ખા ભાગ : ૯.૧૫
બજાતે રહો : ૧૨.૪૫, ૫.૪૫, ૧૦.૪૫
ઈશ્ક : ૩.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૪ :
રમૈયા વસ્તાવૈયા : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫
ભાગ મિલ્ખા ભાગ : ૬.૧૫, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

ઈશ્ક : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ઈશ્ક : ૧૦.૩૦, ૧૦.૦૦
નશા : ૧.૩૦
બજાતે રહો : ૪.૦૦, ૭.૦૦

: સ્ક્રીન-૨ :
રમૈયા વસ્તાવૈયા: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
બજાતે રહો : ૧૦.૦૦
ઈશ્ક : ૧૨.૦૦, ૫.૩૦, ૭.૩૦
નશા : ૩.૦૦

### ચિરાગ, કલોલ

ઈશ્ક : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

● અષાઢ વદ-૫ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજે કસુંબી ઘટાના હિંડોળા

## આપની આજ

**મેષ** : સંઘર્ષપૂર્ણ વાતાવરણમાં કાર્ય કરવુંપડશે. કૌટુંબિક જવાબદારીઓનું ધ્યાન રાખવું. આર્થિક સ્થિતિ સારી રહેશે. દિવસ અનુકૂળ રહેવાની શકયતા છે.

**વૃષભ** : આધ્યાત્મિક તેજને કારણે તમારામાં નવી ચેતનાનો સંચાર થશે. સામાજિક કાર્યોમાં રુચિ વધશે. નોકરીમાં કાર્યની પ્રશંસા થઈ શકશે. બઢતી થવાની સંભાવાઓ છે.

**મિથુન** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. માંગલિક ઉત્સવોમાં સામેલ થવાનો અવસર આવશે. બીજાની સાથે નકામા ન સંકળાવું.

**કર્ક** : વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે નવા કરારો દ્વારા આર્થિક કાર્યોના વિસ્તાર સંબંધી કાર્ય થઈ શકશે. મિત્રોનો સહયોગ મળશે.

**સિંહ** : વ્યાપારક્ષેત્ર વિસ્તૃત થશે. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. સુખદ સમાચાર પ્રાપ્ત થશે. પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરી શકશો.

**કન્યા** : પોતાનાથી કોઈ ભૂલ ન થાય તેની કાળજી રાખવી. નહિતર વિરોધીઓ હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. વ્યવસાયિક લાભ થઈ શકશે.

**તુલા** : વેપાર- વ્યવસાયક્ષેત્રે સફળ યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. દેવાની ચિંતા ઓછી થતી જણાય.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા માન- સન્માન પ્રાપ્ત વૃદ્ધિ થઈ શકે છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. અપરણિતોનાં લગ્ન સંબંધી માંગા આવશે.

**ધન** : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વગેરેમાં વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે.

**મકર** : આર્થિક સ્થિતિ મધ્યમ રહેશે. સ્વજનોથી મેળમેળાપ થઈ શકશે. શારીરિક પીડા થવાની સંભાવનાઓ છે. આરોગ્યનું ધ્યાન રાખવું.જીવનસાથીથી આર્થિક વિષયે વિવાદ થશે.

**કુંભ** : વધારે બીજાના વિશ્વામાં ન આવવું. વ્યવસાયિક યોજનાઓ સ્વયંની પ્રતિષ્ઠા અને માન- સન્માનને અનુરૂપ કાર્ય થઈ શકશે. ધન સંચય થશે.

**મીન** : આજે મહત્વના કાર્યો થઈ શકશે. નવા વિચાર કે યોજનાઓ પર ચર્ચા- વિચારણા થઈ શકે છે. સામાજિક અને રાજકીય ખ્યાતિમાં વૃદ્ધિ થઈ શકશે. વ્યાવસાયિક લાભ પ્રાપ્તિ થશે.

## ચિરવિદાય

- સ્વ. મણિબેન ગેમરભાઈ ઠાકોર (ઉ.વ. ૬૦) મુ.પો. રૂપાલ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સંતોકબેન મોહનલાલ પટેલ(ઉ.વ. ૮૫) મુ.પો. રાંધેજા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. અર્જનભાઈ આલમજીભાઈ સોલંકી (ઉ.વ. ૫૨)૭૫, ઈન્દિરાનગર, સેકટર- ૨૪, ગાંધીનગર.
- સ્વ. અમરાજી અજુજી ઠાકોર (ઉ.વ. ૮૫) મુ.પો મગોડી, તા.,જિ ગાંધીનગર.
- સ્વ. ગજરાબેન મંગાજી ઠાકોર (ઉ.વ. ૬૬) મુ.પો. મગોડી, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. બેબી અમોલી ગંદોરાસ્વામી (ઉ.વ. ૬૫) મુ.પો. વાવોલ, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. તારાબેન મંગાજી વણઝારા (ઉ.વ. ૨૩) ગોકુળપુરા, સેકટર- ૧૪, ગાંધીનગર.
- સ્વ. ગેતાજી વલાજી વણઝારા (ઉ.વ. ૩૫) ગોકુળપુરા, સેકટર- ૧૪, ગાંધીનગર.
- સ્વ. સુશીબેન વાલજીભાઈ ઓડ (ઉ.વ. ૫૩) મુ.પો મહુન્દ્રા, તા., જિ. ગાંધીનગર.